# <u>મે. સંજેલીના જ્યુ.મેજી.ફ.ક. સાહેબની કોર્ટમાં મુ.સંજેલી, જી.દાહોદ</u>

**ક્રિ.કે.નં.૧૨૦/૨૦૨૬**

**ફરીયાદી :- શ્રી સરકાર**

<u>વિરુધ્ધ</u>

**આરોપી :- અલ્કેશભાઈ ભુરસીંગભાઈ ડામોર,**
**રહે.નાની સંજેલી, મોટા ફળીયુ, તા.સીંગવડ, જી.દાહોદ**
**ગુનો.જી.પી.એકટ ક.૧૨૨(સી)મુજબ.**

**-:ઠરાવ:-**

(૧)ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૧૨/૦૬/૨૦૨૫ના રોજ ક.૦૧/૦૦ વાગ્યે મોજે સંજેલી નવા બસ સ્ટેશન ખાતે આરોપી રાત્રીના વખતે અંધારામાં દુકાનોની આડમાં લુપાતો છુપાતો કોઈ કોગિન્જેબલ ગુનો કરવાના ઈરાદે હાજરી હાજરી બાબતે કોઈ સંતોષકારક જવાબ ન આપી, પકડાય જઈ ગુન્હો કર્યો, તે અંગેની ફરીયાદ દાખલ થતા ગુનો રજીસ્ટરે કરી જરૂરી તપાસ પુરી થતા અત્રેની કોર્ટમાં ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨)આરોપી કોર્ટ રૂબરુ રજુ થતા તેને પોલીસ પેપર્સની નકલો આપવામાં આવી. આરોપીને ગુના અંગે પુછતા આરોપી ગુના કબુલાત પુરશીસ આપી ગુનો કબુલ કરેલ છે. આરોપીને પ્લી રેકર્ડ કરવામાં આવી.

(૩)આરોપીની ગુના કબુલાત સ્વેચ્છાઈ પુર્વકની હોઈ તે નહી માનવાને કોઈ કારણ નથી. આથી આરોપીને સ્થિતિ આરોપીએ કરેલ ગુનાની ગંભીરતા લક્ષ્માં લેતા આરોપી ગરીબ માણસ હોઈ આરોપી દયાની અરજ કરતો હોઈ આરોપીને તકસીરવાન ઠરાવી ન્યાયના હીતમાં નીચે મુજબના હુકમ કરવામાં આવે છે.

**-:હુકમ:-**

આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ ૨૭૫ અન્વયે **જી.પી.એકટ ક.૧૨૨(સી)** મુજબના ગુના માટે તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપી એ કાચા કામે ભોગવેલ સજા મજરે આપવી.

**હુકમ આજરોજ તા.૧૪મી માહે માર્ચ ૨૦૨૬ અને નેશનલ લોકઅદાલતનાં સ્પેશીટીંગમાં જાહેર કર્યો.**

સંજેલી
તા.૧૪/૦૩/૨૦૨૬

જયુડી.મેજી.ફ.ક
સંજેલી